Chapter - B , Part - II

## : ઉપસંહાર :

'મહાભારત', 'હરિવંશ ' અને ' વિષ્ણુપુરાણ' આદિ કેટલાયે ગ્રંથો ગુપ્તકાળથી ગુજરાતમાં વ્યાપ્ત થઈ ચૂકયા હતા. એટલું જ નહિ,' હરિવંશ', 'મત્સ્ય' તથા 'માર્કંડેય' જેવાં પુરાણોના નિર્માણમાં ગુજરાતનું પ્રદાન હોય એ પણ સંભવિત છે.[1] હરિવંશયુકત, મહાભારત તો શતસાહસ્ત્રિય સંહિતા અથવા ' પંચમવેદ' મનાય છે.[2] ' વાયુપુરાણ', 'મત્સ્યપુરાણ', 'માર્કંડેયપુરાણ' તથા 'બ્રહ્મપુરાણ' અને કદાચ ' દેવીભાગવત' પણ સાતમી સદી સુધીમાં તો લોકપ્રિય થઈ ચૂકયાં હતાં. સાહિત્યિક જનતાએ તો શતાબ્દિઓ સુધી વિભિન્ન પુરાણોમાંથી પ્રેરણા લીધી.[3]

મધ્યકાળ સુધીમાં તો ભાગવતની સાથે બ્રહ્મવૈવર્ત તથા પદ્મપુરાણ આદિ પુરાણો પણ ગુજરાત સુધી વ્યાપી ગયાં હતાં, જેનો ઉલ્લેખ ભાલણ પ્રેમાનંદ આદિ આખ્યાનકારોએ પોતપોતાની કૃતિઓમાં કર્યો છે. કેશવરામે પોતાના ' શ્રીકૃષ્ણક્રીડા કાવ્યમાં ' હરિવંશ', ' વિષ્ણુપુરાણ', ' ભાગવત', 'બ્રહ્મવૈવર્ત' આદિ પુરાણો ઉપરાંત ગર્ગસંહિતાને પણ આધાર બનાવી હતી.

ભાગવતનું તો મધ્યકાલીન ભકિત સાહિત્ય પર શતાબ્દિઓ સુધી અખંડ રાજ્ય રહયું એનો પ્રભાવ અન્ય સર્વપુરાણોકરતાં અધિક વ્યાપક રહયો હતો.ભકતોનો તો તે મુખ્ય ઉપજીવ્ય ગ્રંથ હતોજ અને વિદ્દાનોમાં પણ તેની મહત્તા સર્વમાન્ય હતી, તે 'વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા' થી પ્રગટ થાય છે.[4] ધાર્મિક દષ્ટિએ તે એક સીમાચિહન કહી શકાય. એમાં ચાર તત્વો મુખ્ય છે. શુધ્ધભકિત, ઉપાસનાવૃત્તિ, પૌરાણિક બાના અને કલા.[5]

આપણા દેશની પ્રમુખ ભાષાઓમાં ' શ્રીમદ્ ભાગવત' ના ઘણા અનુવાદો મળે છે. ગુજરાત અને વ્રજપ્રદેશમાં એનું પ્રભુત્વ સવિશેષ રહયું છે. ગુજરાતમાં તો એની પ્રસિધ્ધિ દશમી સદી સુધીમાં થઈ ગઈ હતી. ઈ.૧૦૩૦માં અલ્લબેરુની દ્દારા લખાયેલા ભારત સંબંધી ઐતિહાસિક

ઐતિહાસિક ગ્રંથમાં પ્રાપ્ત થતો ભાગવતનો ઉલ્લેખ પણ ઉપરના કથનને સમર્થે છે.[6] શંકરાચાર્યના વિચારોની પણ ભાગવત પર અસર છે, એ હકીકત પણ ઉપરના વિધાનને ટેકો આપે છે. એક દંતકથા મુજબ મૂળરાજે ભાગવતની ૧૧૦૮ સુંદર પ્રતિઓ લખાવીને અમુક પ્રાયશ્ચિતને અંગે શ્રીસ્થળ ( હાલના સિધ્ધપુર) ના બ્રાહ્મણોને દાનમાં આપી હતી.[7]

શ્રી થુથીની ધારણ છે કે જો ગુજરાતી સાહિત્યમાંથી ભાગવત આધારિત બધી રચનાઓને કાઢી નાખો તો ઘણી ઓછી રચનાઓ મળશે, જેને સાહિત્ય કહી શકાય.[8] મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકાવ્ય પર દષ્ટિપાત કરવાથી માલુમ પડશે કે ગુજરાત કેવળ ભાગવતથી પરિચિત ન હતું, બલકે તેના સંબંધી અન્ય સાહિત્યનું પણ તેને પૂર્ણ જ્ઞાન હતું. ઉદાહરણ તરીકે, રત્નેશ્વરે' ભાગવત'ની શ્રીધરી ટીકાને પોતાના અનુવાદનો આધાર બનાવ્યુ અને ભીમે બોપદેવના ' હરિલીલામૃત' ને આ ઉપરાંત, કેટલાક એવા ગ્રંથો મળે છે કે જેણે મધ્યકાલીન ગુજરાતી કૃષ્ણકાવ્ય પર પ્રભાવ પાડયો હોય.

નૃસિંહારણ્ય મુનિના ' વિષ્ણુભકિત ચંદ્રોદય' ની લિખિત પ્રતિનું એક પૃષ્ઠ સં.૧૪૬૯માં નરસિંહના જન્મસ્થાન તલાજામાં પ્રાપ્ત થયું હતું.[9] પુનાના ભાંડારકર ઈન્સ્ટિટ્યુટ ના સંગ્રહાલયમાં આની અનેક પ્રતિઓ મળે છે. લીલાશુક રચિત' કૃષ્ણકર્ણામૃત' માંથી પણ ગુજરાતી કૃષ્ણકાવ્યે પ્રેરણા લીધી છે. ઉદાહરણ તરીકે, કેશવરામના ' કૃષ્ણક્રીડાકાવ્ય માં તેના ત્રણશ્લોક ઉધ્ધૃત કરવામાં આવ્યા છે. ગુજરાત માં ' ગીતગોવિંદ' ૧૩મી સદીથી બહુ પ્રચલિત હોવાના ઉલ્લેખો મળે છે.[10]

વસ્તુત: ભાગવત પછી જે ગ્રંથે ગુજરાતી કૃષ્ણકાવ્યને વિશેષ રુપમાં પ્રભાવિત કર્યું, તે ' ગીતગોવિંદ' જ છે. નરસિંહ ઉપરતો જયદેવનો ગાઢ પ્રભાવ છે જ. એટલું જ નહિ, તેણે તો પોતાની રચનાઓમાં જયદેવનો માત્ર નામોલ્લેખ નથી કર્યો. પરંતુ પાત્રતા પણ પ્રદાન કરી છે.

' એક જાણે છે વ્રજની ગોપી કે રસ જયદેવે પીધો રે
ઉગતો રસ અવની ઢળતો નરસૈંયે તાણી લીધો રે - ન.કૃ.કા.પૃ:૨૬૬

અહીં નરસિંહ પોતાને પણ ગોપી ને જયદેવની પરંપરાનો ભકત માને છે.

મધ્યકાલીન કૃષ્ણકાવ્યની એ વિશેષતા રહી છે કે તે વિભિન્ન ભક્તિ સંપ્રદાય અંતર્ગત વિકસિત નથી થયું, તો પણ કહી શકીએ કે ભક્તિ આંદોલને અને ભક્તિ સંપ્રદાયોની વિચારધારાએ ગુજરાતને અવશ્ય સ્પર્શ્યું છે.

૧૧મી સદી પછી દક્ષિણમાં જે ભક્તિ સંપ્રદાયોનો ઉદય થયો, તેની ગુજરાત પર ૧૫મી સદી સુધી કોઈ અસર જોવા મળતી નથી. આથી આ કાળમાં ગુજરાતમાં વૈષ્ણવધર્મના જે ચિહ્ન મળે છે, તે સાંપ્રદાયિક નથી. પરંતુ તે સામાન્ય અને પૌરાણિક છે. ગુજરાતમાં રામાનંદનો પ્રભાવ ૧૪મી સદીના ઉત્તરાર્ધ પછી જોવા મળે છે. આથી જ રામાનંદની રામભક્તિ ભાલણ અને પ્રેમાનંદમાં જોવા મળે છે. બંનેએ કૃષ્ણસંબંધી કાવ્યરચના કરતાં કરતાં પણ ગાઈ છે, તો રામભક્તિ જ એ બંનેના 'દશમસ્કંધ' માં 'ભાલણપ્રભુ રઘુનાથ' તથા 'પ્રેમાનંદ પ્રભુરામ'ના ઉલ્લેખો થી સિધ્ધ થાય છે.[11] તેથી પણ કહી શકાય કે એ સાંપ્રદાયિક નથી પણ પૌરાણિક છે. જો કે નરસિંહમાં 'લીલાનંદ', 'લીલારસ' આદિ શબ્દના પ્રયોગો મળે છે. એનું કારણ પુષ્ટિમાર્ગનો પ્રભાવ નથી પણ ઉપનિષદ્, ભાગવત આદિ પ્રાચીન ભક્તિ અને દર્શન સંબંધી ગ્રંથો જ રહયા છે. ભાગવતમાં લીલાની જ મહતા મુખ્ય તો નિરુપિત કરવામાં આવી છે, અને દાર્શનિક ક્ષેત્રમાં પણ તેની મહત્વની દેણગી છે. ગુજરાતી સાહિત્ય પર પુષ્ટિમાર્ગનો પ્રભાવ વસ્તુત: ૧૭ મી સદીથી શરુ થયો છે.

આ સમય દરમ્યાન શ્રીવલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથ ગુજરાતમાં અનેક વાર આવી ગયા હતા.

આવાં અનેક પરિબળોને લીધે કૃષ્ણના ચરિત્રમાં ઉત્તરોત્તર ધાર્મિકતા અને ભક્તિભાવનાનો સમાવેશ થતો ગયો. કૃષ્ણના ત્રણ સ્વરુપો- ધર્મોપદેષ્ટા ઋષિ, નીતિવિશારદ ક્ષાત્રિયનરેશ અને ગોપાલકૃષ્ણ અથવા ગોપીવલ્લભ કૃષ્ણમાંથી અંતિમ રુપ ૧૫મી સદીથી મુખ્ય થઈ ગયું. મધ્યકાલીન કૃષ્ણભક્ત કવિઓએ લોકરંજનકારી કૃષ્ણની લીલાઓનું ઉન્મુક્ત ગાન કર્યું. એમની લીલાઓનું પ્રયોજન લીલાનંદથી અતિરિક્ત કંઈ ન હતું. લીલાનો ઉદ્દેશ અખંડઆનંદમાં

જીવનની આધ્યાત્મિક પરિપૂર્ણતાની અભિવ્યંજના કરવાનો છે. આ લીલામાં તેમણે અનેક રૂપ કલ્પ્યાં-બાલગોપાલની વાત્સલ્યપૂર્ણ લીલાઓ ,સખ્યરૂપમાં લીલાઓ તથા માધુર્યભાવપૂર્ણ લીલાઓ- સમસ્ત મધ્યકાલીન કૃષ્ણભકિતકાવ્યમાં વ્યાપ્ત છે. કવિઓએ અખંડ આનંદનું ચરમરૂપ સ્ત્રીપુરુષના રતિભાવમાં કલ્પ્યું. નિમ્બાર્ક, ચૈતન્ય, હરિવંશ , હરિદાસ,- આ બધાંજ કૃષ્ણભકિત સંપ્રદાયોમાં માધુર્યભાવનું સર્વથી અધિક મહત્વ છે. રાધાકૃષ્ણ અને ગોપીકૃષ્ણની પ્રેમલીલાઓનું શ્રવણ,સ્મરણ, ચિંતન અને ગાયન જ કવિકર્મનું ઈતિશ્રી બની ગયું. આથી વલ્લભસંપ્રદાય પણ એનાથી અપ્રભાવિત રહી ન શકયો . જો કે કેટલાક કવિઓને વાત્સલ્યપૂર્ણ લીલાઓ પણ એટલી જ આકર્ષી શકી.

ગુજરાતનું લોકમાનસ ધર્મના ક્ષેત્રમાં સહજ શ્રધ્ધાવાન, વિશ્વાસી, તર્કહીન,ગૌ-બ્રાહ્મણની પૂર્ણ શ્રેષ્ઠતા સ્વીકાર કરનાર- સ્માર્ત અને પૈરાણિક હતું. પોતાના આવા સ્વભાવને લીધે, ગુજરાતે કૃષ્ણકાવ્યમાં રાધાને' ભકિત'નું સ્વરુપ માની કૃષ્ણના રાજસી જીવન પ્રત્યે ગુજરાતી કવિઓએ સારું એવું આકર્ષણ વ્યકત કર્યું હતું. ' કૃષ્ણ -વિષ્ટિ' અથવા 'પાંડવવિષ્ટિ' નામની અનેક રચનાઓ મધ્યકાલીનસાહિત્યમાં મળે છે, તે એ વાતનું પ્રમાણ છે કે ગુજરાતી કવિઓએ પોતાનું ભાવક્ષેત્ર કેવળ ગોકુલવૃંદાવન-ના કૃષ્ણ સુધી સીમિત રાખ્યું નથી.' સુદામાચરિત્ર', ' રુકિમણીહરણ' ઈત્યાદિ કૃતિઓ વ્દારકાવાસી કૃષ્ણ સાથે સંબધ્ધ છે. વ્દારકાવાસી કૃષ્ણના જીવનની કેટલીક અન્ય ઘટનાઓને પણ કવિઓએ રસથી અંકિત કરી છે, ઉદાહરણ તરીકે 'સત્યભામાનો વિવાહ', ' સત્યભામાનું રુસણું' ઈત્યાદિ વસ્તુત: મુખ્યરુપથી આખ્યાનકાર હોવાને નાતે ગુજરાતી કવિઓએ મોટે ભાગે કૃષ્ણના જીવનના કોઈ એક ખંડ સુધી પોતાનું કાવ્ય સીમિત નથી રાખ્યું. પરંતુ સમસ્ત કૃષ્ણચરિત્ર પ્રતિ તેમની ભકિત હતી. આ ભકિત પૂર્ણતયા પૈરાણિક કહી શકાય.

ગુજરાતી કૃષ્ણભકિત સાહિત્યની રચના પૂર્વે સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશમાં

કૃષ્ણ સંબંધી કાવ્યની સૃષ્ટિ પ્રચુર માત્રામાં રચાઈ હતી. અને એની સાથોસાથ વિવિધ કૃષ્ણભક્તિ સંપ્રદાયોની પ્રતિષ્ઠા પણ થઈ ચૂકી હતી. આ સર્વ કૃષ્ણકાવ્યનું ઉપજીવ્ય કાવ્ય તો 'ભાગવત' પુરાણ હતું.મધ્યકાલીન કૃષ્ણભક્તિ કાવ્ય પણ વૈષ્ણવધર્મનો આશ્રય સ્રોત' ભાગવત'નો આધાર લઈને ચાલ્યું. કારણ કે મધ્યકાળમાં ભાગવત એટલું લોકપ્રિય હતું, કે એને આધાર બનાવ્યા સિવાય, કવિકર્મ અને આચાર્યપદની પૂર્તિ અસંભવ હતી. પણ એનો અર્થ એવો કદાપિ નથી કે મધ્યકાલીન કૃષ્ણભક્તિ કાવ્ય ભાગવતનો અનુવાદ માત્ર છે.મધ્યકાલીન કૃષ્ણભક્ત કવિઓએ પર્યાપ્ત આગવી ~~મૌલિક~~ ઉદ્ભાવનાથી કામ લીધું છે. ભાગવતનો <u>કૃષ્ણનિર્લિપ્ત</u> છે. જ્યારે ગુજરાતી કવિઓના કૃષ્ણ ગોપીઓ પ્રત્યે સ્વયં ઉન્મુખ બને છે, અને પોતાની હૃદયહારી લીલાઓથી <u>એમના હૃદયને</u> જીતે છે. ભાગવતમાં આદિથી અંત સુધી કૃષ્ણનું બ્રહ્મત્વ અને તેમના ચરિત્રનું અલૌકિકત્વ જોવા મળે છે. જ્યારે ગુજરાતી કવિઓના કૃષ્ણમાં ઘણે ઓછે સ્થળે અલૌકિકતા છે. તે અલૌકિક બ્રહ્મને સ્થાને માનવીય વધુ છે. તે બાલરૂપમાં બાલલીલાઓ અને યુવારૂપમાં પ્રણયલીલાઓ કરે છે. ભાગવતમાં કૃષ્ણ સાથે પ્રેમ કરનારી એક ગોપીનું વર્ણન છે. ત્યાં રાધાનો નામોલ્લેખ નથી. જ્યારે નરસિંહ, ભાલણ, કેશવરામ, આદિ કવિઓમાં રાધાની કલ્પના દ્વારા પ્રણયચિત્રણમાં એક અલૌકિક ભવ્યતા આવી ગઈ છે. ભાગવતમાં ગોપીઓના પ્રેમની પવિત્રતા નિષ્કલંક નથી રહેતી. કૃષ્ણની અનુપસ્થિતિમાં મદિરોન્મત્ત બલરામ તેમની સાથે વ્યવહાર કરે છે. પરંતુ ગુજરાતી કાવ્યોમાં ગોપીઓને સર્વત્ર એકોન્મુખ બતાવાઈ છે. નરસિંહ પર જયદેવની અસર હોવા છતાં એણે પોતાની સ્વતંત્ર કલ્પના શક્તિથી કામ લીધું છે. તો અન્ય કવિઓએ પણ પોતાના સ્વતંત્ર ઉન્મેષો કૃષ્ણચરિત્ર વર્ણવવામાં દાખવ્યા છે. એમણે લોકપ્રચલિત કૃષ્ણલીલાઓનો સદુપયોગ કરી કૃષ્ણભક્તિની અભિવૃદ્ધિમાં એક નવું યોગદાન કર્યું છે. પોતાના યુગ તથા સમાજના વાતાવરણ અનુસાર આ કવિઓએ અનેક નવીન પ્રસંગોની ઉદ્ભાવના કરી છે. ક્યારેક અન્ય કોઈ કવિમાંથી પણ કોઈક પ્રસંગ પૂરતું સૂચન ઉપાડી એમાં પોતાની અપૂર્વતાની ~~મૌલિકતા~~, રંગપૂરણી <u>કરી દે છે.</u> આપણા આદિ કવિ નરસિંહની અને વ્રજભાષાના કવિ સૂરદાસની ઘણી અસર ગુજરાતી કવિઓ પર પડી છે, તો પ્રેમાનંદ અને દયારામ જેવા કવિઓએ પોતાના પુરોગામીઓની ઘણી બધી

અસર ઝીલી છે.

થોડાંક ઉદાહરણ જોઈએ:

૧) ૧: સૂરદાસ: કર પગ ગહિ અંગૂઠા મુખ મેલત : સૂરસાગર પદ-૬૮

૨: ભાલણ: ચરણ અંગુષ્ઠ કર ધરી, મુખ માંહે તે રાખ્યો રે -પદ-૩૯:૩

૩: કેશવરામ: ગ્રહી અંગુઠો આપણો મૂકયો તે મુખમાંહય.સર્ગ:૪:૧૯

૪: પ્રેમાનંદ: કૌતુક કહેતાં પાર ન આવે, અંગુઠો પગનો મુખમાં ધાવે :ક:૧૩-૧૫

૨) નરસિંહ: પુત્રધન કમાઈ જશોદા કેરી, માતા તે કહેવાશે રે

મિથ્યા માતા હું પુત્ર તું મારો, પરઘેર તોરણ બંધાશે રે :

ન.કૃ.કા.પૃ:૪૩૨

પ્રેમાનંદ: હું પ્રસવું ને પરઘેરહાથા, હું તે ફોગટ જશોદા માતા: ક.૧૩

X X

ધન્ય જશોદા , ધન્યજશોદા, વણ પ્રસવે થઈ માતા,

ગોપીને ઘેર ગુણીજન ગાશે, બારણે તોરણ હાથા, :ક:૧૪

૩) નરસિંહ: ધન જશોદાએ જીવન જાયો, પૂર્વે મહાતપ કીધાંરે

ન:કૃ:કા પૃ:૪૩૭.

ભાલણ: કોન તપ કીનોરી, માઈ નંદઘરુણી: પદ:૭૭

કેશવરામ: કુંઅર મે કિહા તપ આચરયાં ? કોણ કોણ દીધાં દાન ? સર્ગ :૪:૧૭

પ્રેમાનંદ: કોણ પુણ્યે પુત્ર પામી જશોદા, કોણ પુણ્યે પુત્ર પામી.

૪) નરસિંહ: વાછલડાનું પુછ ગ્રહીને, ઉઠી ઉભો થાએ રે :

ન.કૃ.કા.પૃ:૪૬૦

ભાલણ: પૂછ ગ્રહીને વચ્છનું રે, ઉભા થાયે આપ,

તાણતાં તે અતિ ધૂજતાં રે મૂકી બેસે તત્કાલ: ૯:પદ-૪૩

કેશવરામ: વચ્છનાં પૂછ પાછલથી તાણે આ જુથો બાલિક ભય નવ્ય આણે:૭૦

સર્ગ :૫

પ્રેમાનંદ: વચ્છતણાં પુચ્છ સહાય, તણાતો હરિ ચાલે :૨૯:ક.૩૧

૫: નરસિંહ: દૂધલે મેહ વૂઠયા નરસૈયાને આંગણે સઘલે

સાકર કેર કરા પડયા રે તો રસવાધ્યો ઢવાલે.

ન.કૃ:કા.પૃ:૩૦૬

પ્રેમાનંદ: દૂધે વરસ્યા મેહ, પૂરપ્રવાહ વહયા રે :૩૯: ક.૧૯.

૬: 'પયદધિના કર્દમ' નો ઉલ્લેખ સૂરદાસમાં પણ મળે છે.

નરસિંહ: દધી કીચ મચ્યો નંદ આંગણે શીરથી ઢોળી ગોળી રે:

ન.કૃ.કા.પૃ:૪૩૬

મીરાં: આંગણ નંદ કે દધિકાદો , છરકત ગોપી ગોવાળા

ભાલણ કૃત દશમ-પદ-૨૪

પ્રેમાનંદ: પયદધિનો કર્દમ, નંદને આંગણે રે:ક.૧૯.

૭: ભાલણ: કોટિ કલ્પ વૃંદાવનનું સુખ, મથુરાં એક ઘડી. પદ.૨૮૧

વિશ્વનાથ: એક ઘડી ગોકુલના સુખની, મથુરાંનો જન્મારો:પદ:૭

૮: કેશવરામ: માહારૂં માણેકડું મોકલાવા આવ્યો, અક્રૂર કયમ આહીર:૩૭: સર્ગ :૧૬

પ્રેમાનંદ: માહારું માણેકડું રીસાવ્યું રે, સામળીયા.
ક.૫૬

૯: કેશવરામ: _ _ _ _ _ ભરીઅખાણાં લીધો ભલો :૧૭:

સર્ગ ૩:

પ્રેમાનંદ: અખ્યાણાં લાવે નાર, ગોપી સોહામણી રે :૨૨ ક:૧૯:

૧૦: મુકં કરોતિ વાચાલં ' પ્રસિધ્ધ શ્લોકની અસર પ્રેમાનંદમાં-

અંધને આવ્યા નેત્ર બધિરસાંભળે રે

અપંગને આવ્યા પાગ, પ્રભુને જોવા મળે રે ક.૧૯

૧૧: ભાલણ: એક કહે હરિને હાઉ આવે, ધ્રૂજતો જઈ માતાને ધાવે :પદ:૩૪

કેશવરામ: એક કહે' હરિ! હાઉ આવે, ધ્રૂજતો માતા તણાં સ્તન ધાવે:૭૦
સર્ગ-૫

પ્રેમાનંદ: ઓ કરડવા આવ્યો હાઉ, રોતો ટપ રહે :૧૪: ક:૩૧

૧૨: ભાલણ:

વહાલો એ છે આખા ગામને રે, કહો કેટલું કીધું છે એણે જાન હો.

અમે સહુ મળીને આપિયે રે, જે વણસાડ્યું હોયે સામલવાન રે:૫૬:૫૩

પ્રેમાનંદ:

ગોપાંગના સહુ માગે માન, અમ કને લ્યો જે થયું હોય જાન,

એટલું મહી તો સૌને મળે, શું બાંધ્યો બાળક ઉખળે : ૫૪

ક:૩૭

૧૩: ભાલણ:

એના ચરણપ્રતાપે પામિયાં રે, ક્યાં રે તમારે એવડી હતી સાથ હો

નવનિધ આવી છે એણે કરી રે...
૫૬.૫૩

પ્રેમાનંદ: એહના પગલાંનો મહિમાય, ઘેર સાંપડી નવ લખ ગાય :૬૩ ક.૩૭

૧૪: ભાલણ:

મોંનાં મીઠાં મેલાં મનનાં રે, જાણું છું જે પ્રેમ છે અપાર હો: ૫૬:૫૪

પ્રેમાનંદ:

મોહડે રુડાં ભૂંડા પૂંઠળે તમને શું બાંધ્યા ઉખળે. ૭૦

ક.૩૭

૧૫, ૧૬ - અગાઉ
૧૭) ૧- રસખાન:

કાન્હ ભયે બસ બાંસુરીકે, અબ કૌન સખિ! હમકો ચાહિ હૈ

નિસધોષ રહે અગ સાથ લગી, યહ સૌતિન તાધન ક્યોં સહિહૈ

જિનમોહલિયો મન મોહનકો રસખાન સદા હમકો દહિહૈ

મિલિ આઓ સબૈ સખિ ભાગી ચલૈ અબતો બ્રજમેં બંસુરી રહો હૈ

૧૫) ૧: ભાલણ:

જયમ ગજ સૂંઢે આપ, કમલ ઉંચું ધરે

ત્યમ અલ્પ માત્ર ભગવાન પર્વત રાખ્યો ખરે-પદ:૧૧૭

૨:માધવદાસ:

જયમ સુઢાગ્રે કમલગ્રહીને હસ્તીહસ્તે રાખેજી

ત્યમ સીગ્રેહરીએ પ્રવત તોલ્યો લીલા એ હેવીદાખેજી: પૃ:૩૯:

૩: પ્રેમાનંદ:

જેમ ઉન્મત ગ્રજ લે શુંડમાં સકોમળ કમળનાળરે

તેમ પર્વત લીધો ઉંચેલી લીલાએ લક્ષ્મીનાથ રે :ક:૭૫

૧૬) મીરાં:

ઓઢું હું કાળો કામળો દુજો રંગ ન લાગે કોઈ

પ્રેમાનંદ:

અમો અજ્ઞાનીનું મન કાળો કામળો રે

તેને ન ચડે દૂજો રંગ... ક.૧૨૭

૧૭) ૬: સૂર:

૧: વિધના મુરલી સૌતિબનાઈ કુટિલ બાંસકી; સૂર:પદ:૧૯૦૪: ના.પ્ર

બંસ બનિાસિની ~~ના.પ્ર:~~ આસ નિરાસકરાઈ.

૨: યહ મુરલી મોહની કહાવૈ યાકે ગુનષે સબસુખપાવત હમકો વિરહ બઢાવૈ: સૂર:પદ:૧૮૬૦ ના પ્ર:

૩: ભાલણ:

શે નવ સરજયાં વાંસળી રે રહેતાં પ્રભુજીને પાસ

અધર અમૃત રસ ચાખતાં, જે રસ વેદપુરાણ

વિધાતાએ શે નવ સરજી નંદના ઘરની દાસ પદ.૯૩

૪: મીરાં :

જો મૈ હોતી બાંસકી બસુરિયાં

કરતી મુખ પર વાસ, અધર સુધારસ પી લેતી.

જો મૈ હોતી જલકી મછલિયાં

પ્રભુ કરતે હો સ્નાન, ચરણ છુ લેતી રે.. માધો. કહાં જાઉં ગુણધામ :[૧૨]

૫ ): પ્રેમાનંદ:

ધન વૃંદાવનની વેલડી રે, ધન વંદાવનની ધર્ણ

અમો તૃણ થઈ નવ અવતરી રે, ઉપર ચાલતક હરિનાં ચર્ણ

અમો થાત વિઠ્ઠલની વાંસળી રે તો અધરતણો રસ લેત

ધન મૃગ વંદાવનતણાં રે જે સાંભળે મોરલી નાદ

નંદગૃહે દાસી નવ અવતરી રે તું ભૂલ્યો બ્રહ્માદેવ

કૃતારથ થાતી અમો રે તો કરતી હરિની સેવ.

ક.૬૩

૬: દયારામ: ઓ વાંસલડી વેરણ થઈ લાગી રે વ્રજની નારને

તને કહાનવર તો કરમાં રાખે, તું અધરતણો રસનિત્યચાખે

તું તો અમને દુ:ખડાં બહુ દાખે ..

દયારામરસસુધા/પૃ:૨૩

૧૮: શ્રી વલ્લભાચાર્યજી:

અધરં મધુરં વદનં મધુરં :મધુરાષ્ટકમ્

સૂરદાસ:

મીઠા હરિજુકા બોલના :

નરસિંહ:

આવો અમારે દેશડે મીઠા મોહનમાવા

દહિં દૂધને વળી ઘૃત ઘણું ખીરમાં ખાંડ ખાવા: ન.ક.કા.પૃ: ૫૦૫

મીઠડા બોલા મોહનજી તમો માખણ સાકર લીજે રે:પદ:૧૮૫

ભાલણ:

મીઠડા માવજી રે મારે મંદિર આવો,

પ્રેમે પીરસું પરમાનંદ, કૂરને દૂધ શીરાવો. પદ.૨૪૧

૧૯:) સૂરદાસમાં –

મધૂકર યહ કારેકી રીતિ:

X X

સરવીરી સ્યામ સબૈ ઈક સાર

ભ્વર કુરંગ કાક અરુ કોકિલા કપટિન કી જટસાર: સૂરસાગર પદ:૪૩૬૯

ભાલણ: કાળા સઘલા ધૂતારા કોણે કળ્યા નવ જાયજી -૧૪ પદ:૨૭૩

કેશવરામ:
ધૂર્તે ધૂત મેળાવડા વૈતાળે વૈતાળ

ઠાગ સેવંતા ઠગ હોએ જાણે માયાજાલ.

એક વામન બીજી કૂબડી ત્રીજાતસે પરધાન:૩૬ – સર્ગ ૨૦

લક્ષ્મીદાસ:

જોઓ લક્ષણ એ કાળા કેરાં એહનો શો વિશ્ર્વાસજી:

કાળાના ગુણ શા વર્ણવીએ, કયમ કરી માંને મનજી: ૨૮ - પૃ.૧૨૯

બ્રેહદેવ:

૧ કાલા સઘલા હઈ કૂડિ ભરા

ચંપક સરખા કાલિ પરિહરયું :ક.૯

૨ સાંમલડાનિ રખે કો વીસસિ: પૃ:૧૨૯

સાંમલડા માંહિ સિહિજે વિષ વલી: ક:૧૦

પરમાણંદ: જિતના કાલા તિતલ્લા કપટી, તેહનો નહિવિશ્ર્વાસ: ૪૦ પૃ:૭૯-૮૦

માધવદાસ: ઘરથકી ધુતારડો, કરી કપટ લીલા જાણ
- ક.૨૦

કાલા સઘલા હોએ કૂડા, કપટ સામલવાન-ક.૨૨

પ્રેમાનંદ: જેટલા કાળા તે સહુ કપટી વિશ્વાસ કોહોનો નવ કરીએ

કાળા સર્પની સંગત કરતાં કો એક દહાડો મરીએ :ક.૧૩૨

દયારામ: શ્યામ રંગ સમીપે ન જાવું મારે

આજ થકી, શ્યામ રંગ સમીપે ન જાવું.

પ્રેમાનંદે કાળી યમુના, કાળો નાગ, કાળી રાત, કાળા કેશ, કાળોમધુકર ઇ.ની

કપટતાની વાત કરી છે, તેની અસર દયારામના ઉપરના ગીતમાં જોવા મળે છે.

૨૦:) કૃષ્ણની કુબ્જા સાથેની પ્રીત, કુબ્જાનો શોક તરીકેનો ઉલ્લેખ, જ્ઞાનજોગ કુબ્જાને

આપવાની વાત: ..

સૂરદાસ: એ અહીર વહદાસી પુરકી

વિઘના જોરી ભલી મિલાઈ - સૂરસાગર પદ:૩૭૬૮

ભાલણ:

૧: યોગિની કરવા મોકલ્યા.. --

જ્ઞાનકથા રહેવા ઘો, તે અમને ફીકી લાગેજી

ભલી ચતુર તે કૂબડી, જેણીએ વશ કરી રાખ્યો-પદ:૨૭૧

૨: કુબ્જા સરખી કોટિક કરજો, તમો અમારે એકજી: પદ:૨૭૩

૩: ... શોકય લઈ કંસની દાસી

..કાળો વરને કન્યા ખોડી: પદ:૨૭૫

કેશવરામ: પેલી ચંદન ચીરે ઓહયો રે, કુબ્જાને કમિણે મોહ્યો રે!-૨૪

અમને અચ્યુત દાખવો, કહો કુબ્જાને યોગ! ૩૫ સર્ગ :૨૦

પ્રેમાનંદ: ઉપદેશ દેજો કૃષ્ણ કુબ્જાને સાધે જો ગારુઢ

૧: સદ્ય વૈરાગ તેહને ઉપજશે, અમો શું જાણું આહીર:મૂઢ: ક:૧૩૦

૨: કુબ્જાવલ્લભ પ્રીત કરીને જોગ સંદેશો કહાવે રે ઓધવજી !

જોગ જ્ઞાન કુબ્જાને આપો, માનું તમારો પાડ રે

બ્રહ્મવિદ્યા કુબ્જાને આપો સીખી જાશે વહેલી રે: ક:૧૩૪

૨૧) ભાલણ:

કાદવે ખરડયો કૃષ્ણજી રોયે માતા આવીને કર ધોયે

પુનરપિ પંકમાંહે કરમૂકે બાલ બીહાવતાં બહુ ઝબૂકે: પદ:૩૪

કેશવરામ:

કાદવે કર ભરી કૃષ્ણજી રોયે, માત આવી ધરણીધરધોએ

પુન: પુનરપિ પંકમાંહે મૂકે, બાલ બીહાવતાં બહુ ઝબૂકે :૬૯ - સર્ગ-૪

અહીં ભાલણનું પદ૩૪ અને કેશવરામના સર્ગ ૪ માંકડી ૬૭ થી૭૧ માં

સામ્ય સ્હેજ ફેરફાર સાથે જોવા મળે છે.

પ્રેમાનંદ:

છાંટે ગૈનાં છાણ ગોરસડાં ઢોળે

આડી અવળી થાય માત, દૂધે અધોળે. ક.૩૧

૨૨) ભાલણ:

....... ઉખલ માંડીને ઉંચો ચડિયો

ચોરપણું એનું વખાણું, દોણીએ કીધું છે કાણું,

શીકું હાલે ત્યમ મુખડું ડોલે, ઉપમા શોભે ત્રિભુવન તોલે -૫૯-૬૦

કેશવરામ:

તળે છિદ્રછોનોથો કરે મુખ મોહોકે ધૂજાવ ધરે

શીકું હાલે ડોલે હેઠય, દૂધે ભરાયે પગને પેટ ..૨૬

ઉખલે લાકડી લૈ ચડે.. – – – –

મટુકી ભાંજીને મુખ ધરે કરે અમૃત આહાર રે --૪૮ સર્ગ-૫.

લક્ષ્મીદાસ :

ઉર્ધ અધુખલ ધરણી ઉપર બાલક રાખે સંગ -૧૩

તે ઉપરે ગ્રહી ચેષ્ટિકા ભેદે નંદકુમાર,

માંડી મુખ આઘુ કરી નિ પડે મુખમાં ધાર -૧૪

પૃ:૨૨-૨૩

માધવદાસ:

જો ઉંચુ મુકીએ સીકલેતા અનુખલનુપરચ્ય ચઢીને જી

લાકડીયે છીદ્ર પાડે પાત્રને જો કાંઈ કહીએ વઢીને જી -૩ - અ:૭

પ્રેમાનંદ:

શીકે ચડાવ્યાં માટ લાકડીયે છિદ્ર કરે

વહે ગોરસની ધાર, તળે રહી મુખધરે -ક:૩૧

x x

ન પહોચે તો ઉખળ માંડે, કુંડી સઘળી શોધેજી ,

શીકે ચહડાવ્યાં,દહોણાં ભાંજે, લાકડીને ગોદે ..ક:૩૨

૨૩) ભાલણ:

નાઠા એ વતરેકેં એક કહાન મેં ઝાલિયો રે

મુખ ઉપર કોગળો એક , દૂધનો નાખી ચાલિયો રે -૭ પદ:૬૬

પરમાણંદ:

એહવું કહી મુખ ભરિઉ મહી, વ્દારે સહુકો આવ્યા વહી,

મહી છાંટી ચખે સુંદરી , સડંગ કો નાસી ગયા નીસરી -૧૨ પૂ:૨૨

પ્રેમાનંદ:

વચ્છની પેરે ગૌને ધાવે, વળગે મહીને માટેજી

સહાવા જાઉં તો ચાખ મહારીમાં કોગળો દૂધનો છાંટે :ક:૩૨

૨૪) ભાલણ:

બાઈ જાઓ મંદિર સહુકો આપણે રે, સોડ ભલાઈ ફોકટ લેતાં આજહો

ઓલંભા દહાડી એના લાવતાં રે, સાભળીને મુજને થાતી લાજ હો: પદ:૫૪

પ્રેમાનંદ:

તમો રાવ દહાડી લાવતી નથી લાજતી આજ મુકાવતી,

આગળ બાળકની શી વલે, તમે સોડય ભલાઈ લેતાં ભલે. ક:૩૭

૨૫) માધવદાસ:

અમારે તો અંગ સઘલે રહયો કૃષ્ણજી વ્યાપ,

જ્ઞાન જોગનો કામ નહીં કહીં, રાખીએ લેઈ કાંહે ? ક:૩૪

પ્રેમાનંદ:

અમૃતનો ઘટ મુખ લગી ભરિયો, ઉપર ભરિયે તે વહી જાય

શ્રી કૃષ્ણ ભર્યાં છે કંઠ પ્રમાણે, તો કેમ જોગ સમાયે ?-ક:૧૩૦

૨૬) માધવદાસ:

એક ચોલી એક જાએ લાહે .. અ:૨૮: પૃ:૭૩

પ્રેમાનંદ:

એક બાંહે પહેરી ચોળીની માંહે અવળો આણ્યો હાથ રે

એક સ્તન ઉઘાડું દીસે, જેમ દેહેરાં વિના ઉમયાનાથ :ક:૮૨

તુલજારામ:

એક હાથમાં ચોલિ પેહેરિ એક મેહેલિ વિસારિ જી

ઉઢણ કેરૂ વસ્ત્ર જ પેહેરિ એક મેહેલિઉ વિસારિજી: ૧૬ પૃ:૮૪

૨૭) ૧:લક્ષમીદાસ:

એરે કંસ કાંઈ નવિ લહે ઈમ જીવતુ તું કિમ રહે -૩૬

આઠમો મુખ્ય એહ જ હશે, તો તુજને નિશ્ચે મારશે -૩૭ પૃ:૮

૨: પ્રેમાનંદ:

ચક્રાકારે આઠ પુત્ર મેહેલો, જે બીજે તે છેલ્લો પહેલો

જે ગણીએ તે અષ્ટમો સહી, કનિષ્ટ કારણ જોવું નહીં ક:૭

૩: રઘુનાથદાસ:

કાંકરિઓ મેહેલી કહું , જહાંથી ગણીયે સાત: પૃ:૬૬

૨૮: માધવદાસ:

જલભર જમુના પૂર ગર્જે માર્ગ આપ્યો પ્રભુ જતાં

રઘુનાથજીને સમુદ્રે જેમ આપ્યો સીતા લાવતાં :૩૭ પૃ:૭

તુલજારામ:

જમ માર્ગ શ્રી રામચંદ્રને આપો સમુદ્રે હેત

તમ માર્ગ દીધો માધવને જમુના એણિ વેલ: ૪૩ પૃ:૧૭

૨૯: પ્રેમાનંદ:

જેમ પર્વત ઉપર પોપટો તેમ વિરાજે રણછોડ: ૪૩ ક:૨૩

તુલજારામ:

જાણ લીંગ પરવત શીર ઉપરે ઈમ શોભિએ ત્રિભોવન ધણિ: -૨૬ પૃ:૨૬

૩૦: માધવદાસ:

અંધારે કાંઈ ન રહે સાન્યુ પુત્ર તણુ બહુ તેજજી

અજવાલુ આફણીએ થાએ એહેવુ એહનુ સહેજજી: ૪ અ: ૭

પ્રેમાનંદ:

અંધારા ઘરમાં કેશવ જાયે

થાય અજવાળુ ફટક: ૧૯: ક:૩૨

તુલજારામ:

વલિ તમ તન આવે જાહરે જાણે દિવાલિ આવિ તાહારે

તેણે સર્વે જડે તતખેવ રે એહેવૂ તેજધરે વસુદેવ રે:૩૨: પૃ:૩૩

દયારામ:

એક કહે, મે એ પણ કરીજોયું, મૂકયુ અંધારામાંહે રે,

એને શી ચિંતા? થાય અજવાળુ જઈ ઉભો રહે જાંહે: દયારામસુધા:પૃ:૨૬

સુરદાસ:

૩૧: હમ્સાતિ ગોકુલનાથ આરાધ્યો

મનકૃમવચ હરિસોં ધરિ પતિવ્રત

પ્રેમ~~જ્ઞાને~~જોગતપ સાધ્યો . સૂરસાગર:પદ: ૪૧૪૯

૨: માધવદાસ:

અમે ધરમલોપ કીધો નથી, જુવો વિચારી વ્રજરાય જો

જે ભજે નહી પ્રભુ ચરણ તમારાં ધરમ તેહેનો જાયજી: -૩ અ:૨૮

૩: પ્રેમાનંદ:

અમે સોંપ્યા તમને શરીર એથી ધરમ કીહો ?

તુને મળતાં થાયે અધર્મ તો થાવા દિયો સુખે: ૧૪ :ક:૮૫

૩૨) ૧:નતર્ષિ :

તારા માહિ જિમ ચન્દ ગોપિય માહિ મુકુંદ: ૪૮: ફાગુ

૨: માધવદાસ:

જયમ તારા મધ્યે ચંદ્ર વીરાજે, તમ(ગોપી) મધ્યે ગોવિંદ

નાંહાના નરત્ય કરે નંદાનંદન, કરતતાલ રચના છંદ: ૪: અ:૨૯:

૩: તુલજારામ:

સકલ વંન મધ્ધ ગોપકા તગતગે તારા જેંમ

મહાજોત ધરતે મધ્ય શશીહર કૃષ્ણ દિસે તમ: ૭: પૃ:૯૫

૩૩) પરમાણંદ:

જસોમતીને ગોપી એમ વદે કઠણ, તહ્મારુ દીસે હદિ :૧૭: પૃ:૨૨

પ્રેમાનંદ:

લોહ વજ્રપે કઠિણ દીસે જસોદા તાહારુ હ્રદે :૩૬: ક:૩૯

૩૪) સૂરદાસ:

મૈયા મૈંતો ચન્દ્ર ખિલૌના લૈહોં

જૈહોં લોટિ ધરનિ પર અબહીં તેરી ગોદન ઐહોં

હવૈ હૈં પૂત નન્દબાબાકૈં

તેરો સુત ન કહૈહૈં

સૂરઃ પ્રથમસ્કંધ : ના: પ્ર:સભા:પદ:૨૨૮:

નરસિંહ:

અ: આવડી રાઢ શી વિઠઠલા તુજને,ગગનથી ઈંદુ કમ આપુ આણી:

ન:કૃ:કા:પૃ:૪૫૮

બ: ઓ પેલો ચાંદલિયો આઈ મુને રમવાને આલો:

ન: કૃ:કા: પૃ:૪૬૨

૩: પરમાણંદ:

વ્રજભાષામાં પદ:

વ્દારે ખેલત નંદજીકો લાલ,

મૈયા કરગ્રહી વ્યોમ નિહાલન

~~માંગત કરગ્રહી વ્યોમ નિહાલન~~

માંગત્ ચંદુ ગોપાલ: ૫૯: પૃ:૨૪

૩૫: લક્ષ્મીદાસ:

એક સમે ગાય હાલરુ યશોદા કથા પરમ પવિત્ર

દશરથરાયનું વંશ્ય કહે છે શ્રી રઘુનાથ ચરિત્ર :૧૧

'લાવ્ય ધનુષ્ય લક્ષ્મણ ' એ કહી ઉભા સમે અંતરજાણી

ઉધરકયા જાણીને ધાયા ત્યાંહા યશોદારાણી: ૧૨

તતક્ષણ લીધા હૃદયાસાથિ ઉપરિ જલલવણ ઉતારિ

દાનપુણ્ય વિશેષે કીધું એ શૂ સ્વપનવિચાર -૧૩: પૃ:૧૯:

પરમાણંદ:

જશોદા કેહે સુણ એ કાહાનવર રે જો,હુંકારો રે અપિ

કહુ કાંહાણી તુઝને બાલદુડારે, જો રડતો રહે બાપ રે :૮૧
વાઈક જનુનીનાં સાભળી રે રંદન તજ્યુ રે મોરારિ
હુકારો આપ્યો હરી રે અંબા કેહે વિસ્તાર રે
કાહાનજી ચરિત્ર ન આવે પાર -૮૨
જશોદા સીતાહરણનો પ્રસંગ કૃષ્ણને કહે છે ત્યારે -
હાક દૈ હરિ ઉઠયા રે, લ્યેઈ લ્યેઈ લક્ષ્મણ બાણ
જસોદા તવ વિસ્મે થઈ રે, કૃષ્ણ તણીએ વાણિ રે -૮૫
જનેતાએ એમ જાણઉ રે અવતરઆ શ્રીરામ
મુખ અવિલોકયુ બાલનુ રે, કીધો દંડવત પ્રણામ રે -૮૬ પૃ:૨૬

૩૬) પરમાણંદનું એક પદ રાગ કેદારમાં મળે છે, જે આખુ ઝૂલણા છંદમાં છે, તે હકીકત નરસિંહની અસર સિધ્ધ કરે છે.

ગોવાળો કૃષ્ણને વિનંતી , સ્તુતિ કરતાં કહે છે :

શર્ણિ તાહારે અહ્મો આવયા કૃષ્ણજી
તમ વિના આજ આહાં કોણ રાખઈ
વ્રજતણાં માનવી અહ્મો સર્વ તાહરા
તમ વિના નાથ કો અવર દાખેઈ -૧૦૫ પૃ:૪૪

ભાલણે પણ પદ ૨૪૨ ઝૂલણામાં પ્રયોજયુ છે.
એમાં નરસિંહનો જ પ્રકાર છે.

મહી મથન કરૂ કાનશેરી ઘરું
નિસરી ક્ષાણું ક્ષાણું વ્દાર ધાઈ.

નરસિંહના કેટલાક શબ્દો ' સ્વરભેદ તણી ધૂની હોય ' ' મરકલડો ' ઈત્યાદિ પ્રેમાનંદમાં જોવા મળે છે. તો ' હરિનખ ' ભાલણમાં છે, ને ' સિંહ નો નખ ' પ્રેમાનંદમાં

મળે છે.

૩૭) ભાલણમાં એક સખી રાધાને પૂછે છે કે કેમ પરસેવાથી ભીંજાણી ? વેણી કેમ વિખરાણી, ચોળીની કસ કયમ તૂટી, પુષ્પ કોણે આપ્યાં, વસ્ત્ર અવળાં કેમ પહેર્યાં, વહેલી નીકળીને કેમ મોડી આવી, કસ્તૂરી અંગે કયાંથી બહેકે છે, અધરદંતનો નખક્ષાત કયાંથી-ઈત્યાદિ પ્રશ્નોના ઉત્તર રાધા બહુજ ચતુરાઈથી આપે છે. આજ પ્રશ્નો ને એવા જ ચતુરાઈભર્યાં રાધાના ઉત્તરો દયારામના એક પદમાં મળે છે.

ભાલણ:

ભમરો ત્યાં આવીને બેઠો, ઉડાડતાં શિર છૂટું જી.
યત્ન કરીને બાંધતાં વચ્ચેથી નાડું તૂટયું -૪
પોપટ અતિશે મીઠા બોલો દીઠો ને મે ઝાલ્યોજી:
ચંચલ નખ દઈને વછૂટયો તત્ક્ષણ નાસી આલ્યો -૧૪
શિલાએ મૃગ બેઠો હતો ત્યાં જઈને હું બેઠીજી
દષદમાંહેથી વાસના, મારા તનમાંહે પેઠી -૧૬
આજ જો હરિ દીઠા હોય તો કહો તેવા સમ ખાઉં -૨૨

— — - - પરપુરુષ ભાઈ બાપજી: ૨૫ પદ:૧૬૮

આવાજ ભાવનું એક પદ નરસિંહમાં મળે છે :
સાંભળ રે તું સજની મોરી રજની કઈ પેરે રમીએજી:

દયારામ:

૧-કાળો તે ભમરો શિર પર બેઠો ઉરાડતાં સેર છૂટીજી,
૪: જયમ ત્યમ કરીને બાંધતાં વચમાંથી નાડી તૂટી-સાંભળ સજનીજી
૨: મૃગશલ્યાએ મૃગલો બેઠો તેને મે જઈ ઝાલ્યોજી,
તેની વાસના મારા અંતરમાં પેઠી તે નથી રહેતી ઢાંકી - સાંભળ

૨: મધુરાં વાચક પોપટ બોલ્યો તેને મેં જઈ ઝાલ્યોજી,

અંચળ આંચ ભરીને નાઠો તત્ક્ષણ ત્યાંથી છૂટયો

હરિ મળ્યા હોય તો સમ ખાઉં ....

પરપુરુષ ભાઈબાપ સમાન-

દયારામ રસસુધા: પૃ:૧૧૫-૧૧૭

૩૮) સૂરદાસમાં પણ કંસનું દુ:સ્વપ્ન વર્ણવાયેલું મળે છે.

ભીમની ' હરિ (લીલાષોડશકલા)' માં કૃષ્ણ કંસને મારે છે, તે પૂર્વે કંસને ખરાબ સ્વપ્ન આવે છે:

રાત્રિ પડી આપણઈ ઠામિ, આવ્યા નંદ કૃષ્ણ નઈ રામ,

દેખાઈ કંસ સ્વપ્ન મઝારિ. કાલાં કપડાં પરિયાં નારી -૭૪

ઉંટ શીઆલ શ્વાન ખર સાથિ કાઢિ કાંતી ખાપા ર હાશિ

વેગઈ ચાલિ મલાએ સવાર, કંસ કરયુ ગર્દભિ અસવાર -૭૫

નાગુ તેલઈ ખરડયુ દેહ દક્ષિણ દિશિ ચલાવ્યુ તેહ

શરછેદ્યું જાગ્યુ ભયભીત પ્રાત હુઉ ઊગ્યુ આદિત -૭૬ પૃ:૧૬૦

પરમાણંદના ' હરિરસ' માં કૃષ્ણ કંસનું ધનુષ્ય ભાંગી નાખે છે. કંસે તે સાંભળ્યું, તે રાત્રેજ તેને સ્વપ્ન આવે છે.

ઓછાયો પોતાનકે જેહ શીશ વ્યહોણો દેખે તેહ

તે માહઈ છઈ બીહામણા નીલા પીલાદીસઈ ઘણા -૩૧૧

તદનંતર જાણ્યુ ભુપાલ મરણ તણી એ દીસે ચાલ

ચિંતા ધરતો મન મુઝાર નિદ્રા પામ્યો રાજા તિહાં -૩૧૨

સ્વપ્ન એહેવુ લાધુ મહીપતી ગરદભ વાહન થયો છે અતી,

કાલા વસ્ત્ર કરયો શણગાર રાતાં પુષ્પતણો ઉરહાર -૩૧૩

તેલિ ખરડુ સકલ શરીર દખ્ખિણ દશ્યે આલ્યો વહાધીર

એહવુ સ્વપ્ન દીઠુ વિકાલ, ભયભીત જાગ્યો ભુપાલ -૩૧૪ પૃ:૬૭

આ બંને સ્વપ્નોની અસર કદાચ પ્રેમાનંદના રણયજ્ઞમાં મંદોદરીને આવતા સ્વપ્ન પર હોઈ શકે.

૩૯) ભીમ:

તિમ અહ્મારુ એ આતમા લેઈં ચાલ્યુ દુરાત્મા -૫૮

કાયા કંપઈ ગદગદ્ ગલઈ પલવટ વાલી પૂઠિ પલઈ -૫૯

સૂકઈ વયણ નયણ ઝલ ઝિરઈ કૃષ્ણ તણા રથ આડી ફિરઈ -૬૦-પૃ:૧૫૭-૧૫૮

તુલજારામ:

તમ અહ્મારો એ આત્મા લેઈ ચાલો દૂષ્ટ દુરાત્મા -૪૩

કાયા કંપે ગદ્ગદ્ ગલે પલવટ વાલિ પાછલ પલે

શુકે વયણ નૈયણ જલહરે કૃષ્ણતણા રથ આગલ ફરે -૪૫ -પૃ:૧૧૫-૧૧૬

૪૦) લક્ષ્મીદાસ :

યશોમતી દિશે દિન દુખસાગરમાંહાં લીન

જલવિના યમમીન યશોદાને જીવનખીન-૩

વિષજવાલા અપાર ગગન સુધી સંચાર

તપ્ત ચેહેવા મહધારા ફણા આકાર -૮

રાગણી ભેદને રાગ નાચે અતિ અનુરાગ

કોપિ દુજે કાલીનાગ ન પામે તાગ -૧૨ પૃ:૪૯

સર્પદર્પ થઉ ઉતાર પડયા અદીના પ્રહાર

જર્જરી અંગ આકાર રુધીર ધાર -૧૫ પૃ:૫૦

માધવદાસ:

જશોમતી દીસે દીન દુખસાગરમાંહાં લીન

જલબીન જમમીન પીબન ખીન -૨

વીષુજવાલા અપાર, ગગન સુધી સંચાર

તેણે હાવાં મંડલધાર ફેણે આકાર –૮

રાગણી ભેદને રાગ નાગે અતિઅનુરાગ

કોપે ધ્રુજે કાલીનાગ ન પાયે લાગ –૧૨

સરપ દરપ થયો ઉતાર પક્ષાગીરીના પ્રહાર

જરજરી અંગ આકાર રુધીર ધાર –૧૫

અ:૧૬

૪૧: સૂરદાસ:

કાહે નંદ છાંડિ તુમ આયે પ્રાન જિવન સબ કેરે

પ્રીતિ ન કરી રામ દશરથકી પ્રાન તજે બિનુ હેરે : સૂરસાગર પદ: ૩૭૫૧

૧: મરવું મૌયે કયમ કહું મરણ દૈવને હાથજી

દશરથની પેરે પ્રાણ નવ જાયે ભાલણપ્રભુ રઘુનાથ ૫–૨૧૦

આ ઉપરાંત પદ:૨૧૫–૫, પદ:૨૧૯:૧૩ માં પણ આજ ભાવ જોવા મળે છે.

૪૨) હેમચંદ્રાચાર્ય :

૧: મુગ્ધે કપોલે નિહિતમ્ કંકણમ્

શ્વાસાનલજ્વાલા સંતપ્તમ્

બાષ્પસલિલ સંસિકતમ્ ચૂર્ણીભવિષ્યતિ

સિધ્ધહૈમ: પૃ:૫૮

૨: ચુડુલ્લઉ ચુણ્ણીહોઈ સઈ મુદ્ધિ કવોલિ નિહિત્તઉ

સાસાનલજાલ ઝલકિઅઉ, બાહ સલિલ સંસિત્તઉ –પૃ:૫૮

૩: પહિઆ દિટ્ઠી ગોરડી દિટ્ઠી મગ્ગુ નિઅંત,

અંસૂસાસેહિં કંચુઆ તિંતુવ્વાણુ કરંત –પૃ:૧૦૩

ભાલણ: આંસુ ને નીસાસાથી કંચવાને ભીનો સૂકો કરતી.

૪૩: નરસિંહ:

૧: દૂધ કઢી માંહી સાકર ભેળી, માહારા વહાલોને પાઉં રે: પદ:૪૦૮

૨: કોણ મિલાવે માહારા પિયુને તેને લાગુ પાય રે -પૃ:૪૦૯

૩: માં, માં, કરતાં કાનજી મારી બાહુલડી મોડી રે :પ:૪૧૩

૪: ચોળીના બંધ વછૂટયા અધર અમૃત રસ ઘેરે

સેજતણું સુખ કહયું નવિ જાએ, જે પિયુજી પ્રેમે ધરી રે -પ:૪૪૮

ભાલણ:

૧: દૂધ કઢયું લઉં નિજ ઘેરથી સમ દઈને પાઉં -પદ:૯૫

૨: કો મેલાવે માવને જે માગે તે આપુ જી: પદ:૧૭૦

૩: ના, ના, માં, માં રહો , રહો , કરતાં હદયાશું લેઈ ચાંપીરે પદ:૧૭૨

૪: હરિ સામુ જોવું તા મારી ચોળી તણી કસ તૂટીજી

પછે વાત હું શી કરુ મેં લાજે નવ કહેવાયેજી: પદ:૧૭૨

૪૪: સૂરદાસ:

જોગિ વ્રજકૌં ફિરિએ નંદરાઈ

સૂરશ્યામ રે નિઠુર વચન સુનિ રહે નૈન જલ છાઈ:

સૂરસાગર પદ:૩૭૩૭

ભાલણ:

નંદજી ન શકે બોલી દુ:ખ હૃદેથી ખોલી

આંસુ વહે અતિ નયણે લથબથ થાએ વયણે

ગદ્ગદ્ કંઠે ઉચ્ચરે : પદ: ૨૩૧

૪૫) કૃષ્ણજન્મ થાતાં જશોદાનો કંઠ હર્ષાતિરેકથી અવરુધ્ધ થઈ જાય છે.

સૂરમાં: ગદ્ગદ્ કંઠ બોલ નહિં આવૈ, હરખવંત હ્વૈ નન્દ બોલાઈ :

સૂર પદ: ૬૩૧: ના.પ્ર.

કેશવરામ:

ઉરવર તત્ક્ષણ ટાઢું થયું, ભલે દુખ બહુ ભવનૂં ગયું,

ગદ્ગદ્ કંઠ નયન જલ ઝરે, શઈઆણી 'સુતસુત' ઉચરે :૮-સર્ગ :૩

૪૬) સૂર:

યહ અક્રૂર ક્રૂર ભયો હમકોં, જિય કે જિય મોહન બલરામ: સૂર: પદ:૩૫૮૯

ના: પ્ર:

લક્ષ્મીદાસ: એ અક્રૂર કેહે છે સઉકો ક્રૂર ભયંકર જાણોજી: પૃ:૯૯

કેશવરામ: ૧: લેવા આવ્યો હરિ અક્રૂર, કંસદૂત એ જાણો ક્રૂર :૩૫-સર્ગ :૧૬

૨: ઉન ક્રૂરકે અક્રૂરકા વિશ્વાસ કછુ ન આણી હે :૪૪-સર્ગ :૧૬

પ્રેમાનંદ: ઉધ્વંસ કરે છે ગોકુળગામ માટે એ દુષ્ટનું ઘટે ક્રૂર નામ: ક:૧૦૯

તુલજારામ: તમ અહ્મારો એ આત્મા, લેઈ ચાલ્યો દુષ્ટ દુરાત્મા:પૃ:૧૧૫

અહીં આ ઉદાહરણો દ્વારા જોવા મળશે કે કવિઓએ એકબીજામાંથી ઘણું ઘણું લીધું છે. ક્યાંક બેઠીને બેઠી પંક્તિઓ, ક્યાંક કોઈ વિગતના સૂચનો, ક્યાંક કોઈ ભાવ કે ઊર્મિનાં સૂચનો-લઈ દરેકે પોત પોતાની રીતે એ તત્વને વિકસાવ્યું છે, મઠાર્યું છે, ક્યાંક કોઈકને જુદો આકાર આપ્યો છે, ક્યાંક કોઈકને જુદો રંગ આપ્યો છે, ક્યાંક મૂળનું સ્વરુપ જાળવ્યું છે. આથી આપણને ઘણે સ્થળે ભાવનું કે ઊર્મિનું સામ્ય, વિચારનું કે વિગતનું સામ્ય જોવા મળે છે. છતાં દરેક કવિ પોતાના કવિકર્મનો વિશેષ પોતાનો રંગ, રસ-એમાં છાંટે છે, અને એમ કરીને દરેકે પોતાની આગવી કૃતિ આપી છે. આ કૃતિઓ ભાગવતનો અનુવાદ છે, અને નથી. કવિઓએ મૂળ પ્રસંગ પૂરતી ભાગવતની આંગળી ઝાલી છે, તો વચ્ચે વચ્ચે ભાવ અને વિગત પૂરતા પોતાના સ્વતંત્ર ઉન્મેષોના ચમકારા પણ દર્શાવ્યા છે. પોતાની પ્રતિભાનું સીંચન, કરી કૃતિને એક આગવો ઘાટ, આગવો ઠાઠ આપ્યો છે, અને તેથી જ એ ભાગવતનો અનુવાદ હોવા છતાં દરેક કવિની

છાપ ધરાવતી, પોતીકી વિશેષતા દર્શાવતી સ્વતંત્ર કૃતિ બની રહે છે.

આ કૃતિઓમાં આ ઉપરાંત બહુમુખી સાંસ્કૃતિક એકતા જોવા મળે છે. ગુજરાતની આગવી વિશેષતા એમાં પ્રગટ થાય છે. ગુજરાતની પ્રાદેશિક લોકસંસ્કૃતિ આ કાવ્યોમાં પ્રતિબિંબિત થઈ છે. ઉદાહરણાર્થે બે ચાર બાબત જોઈએ.

આ કાવ્યોમાં ગુજરાતની પોતાની વિશેષતા શૈલી તથા છંદમાં જોવા મળે છે, — જેવાં કે કડવાંબધ્ધ આખ્યાનશૈલી અને સંસ્કૃત વૃત્તોનો પ્રયોગ, કડવાંબધ્ધ આખ્યાનશૈલી ગુજરાત બહાર વિકસેલી જોવા મળતી નથી.

નરસિંહ અને નતર્ષિ જેવા કવિઓએ દ્વારકારાસનું વર્ણન આપ્યું છે. મૂળ ભાગવતમાં કૃષ્ણ વૃંદાવનમાં જ ગોપીઓ સાથે રાસ રમ્યા હતા, એવો જ રાસ કૃષ્ણ રાણીઓ સાથે દ્વારકામાં રમ્યા હશે, એવી કલ્પના ગુજરાતના લોકમાનસમાં ઉત્પન્ન થવી ખૂબ જ સહજ અને સ્વાભાવિક છે. કારણ કે પ્રસિધ્ધ તીર્થધામ દ્વારકા, જ્યાં કૃષ્ણનું ઉત્તર જીવન વીત્યું હતું, તે તો ગુજરાતમાં જ છે.

ગુજરાતી કવિઓએ જ્યાં આભૂષણો, વસ્ત્રો, પકવાનોની નામાવલિ આપી છે, ત્યાં પણ ગુજરાતની પ્રાદેશિક વિશેષતા જોવા મળે છે. ઉદાહરણ તરીકે: પ્રેમાનંદે કૃષ્ણને સુવાડવા માટે સાડી બાંધીને બનાવેલી ઝોળી એ ગુજરાતની આગવી વિશિષ્ટતા છે, જે આજે પણ આપણા જીવનમાં પ્રચલિત છે.

પરમાણંદ જેવા કવિએ કૃષ્ણ વિશેની લોકપ્રચલિત કથાઓ, લોકકથાઓનો પણ આશરો લીધો છે, ને પ્રસંગોમાં વૈવિધ્યસભરતા દાખવી છે.

આમ આ કવિઓએ સમાન પરંપરામાંથી કૃષ્ણલીલાઓ ગ્રહણ કરી હોવા છતાં, દરેક કવિએ કૃષ્ણકથાનો વિકાસ ગુજરાતના સંસ્કારો, વ્યવહારો, લોકાચારો, વિચારો અને ભાવનાઓને અનુરુપ કર્યો છે, જે સ્વાભાવિક છે. કવિઓએ પોતાના આરાધ્યને લોકચેતનાનું કેન્દ્ર બનાવવા માટે પોતાની આસપાસના જીવનમાંથી વિવિધ તત્વો લઈ એનાથી કૃષ્ણકથાને શણગારવાનો પ્રયાસ કર્યો છે. આમ જોઈએ તો સમસ્ત કૃષ્ણકાવ્ય

વાસ્તવમાં

પોતાના વ્યક્તિરૂપમાં લોકોન્મુખી કાવ્ય છે. એ કાવ્યો રચનાર કવિઓ પણ લોકોમાંથી જ આવ્યા છે; લોકાશ્રયે જ કાવ્યો-કથાકાવ્યો રચ્યાં છે. એ યુગમાં કવિઓને રાજ્યાશ્રય મળવાની શકયતા નહિવત્ હતી. તેથી આ બધા કવિઓની નાળ લોકજીવનથી સંબધ્ધ હતી, લોકો સાથે તેમનો ઘનિષ્ઠ સંબંધ રહયો હતો. આને કારણે જ આપણાં આ કૃષ્ણકાવ્યો ભક્તિના સૂત્રમાં જ પરોવાયેલાં રહયાં.

અહીં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની સૂક્ષ્મભાવનાઓનું નિરુપણ થયું છે, તો સાથે સાથે રાધાકૃષ્ણ અને ગોપીઓની શૃંગારલીલાઓનું સ્થૂલ ચિત્રણ પણ થયું છે. કદાચ આધુનિક માનસ આવાં વર્ણનોવાળાં કાવ્યોને ભક્તિકાવ્ય કહેવાની ભલે મના કરે, ભલે એમાં ઉઘાડો શૃંગાર હોય. પરંતુ આ બધાં કાવ્યોનો આત્મા એક જ હતો અને તે કૃષ્ણભક્તિ.

આ કૃષ્ણભક્તિના મૂળમાં એક માત્ર ભગવદ્રતિ જ કામ કરે છે, જે પાત્રના સ્વભાવભેદ અનુસાર વાત્સલ્ય, સખ્ય અને કાન્તાભાવમાં પરિણત થાય છે. આવાં કાવ્યોની આ પ્રેમ લક્ષણા ભક્તિ વૈધિક ભક્તિથી જુદી છે.

આ કાવ્યોમાં બાહય વિવિધતા જોવા મળે છે. તેના વર્ણ્ય વસ્તુમાં, ભાવમાં, કલામાં, છંદમાં, ભાષામાં. પરંતુ તેની આત્મિક એકતા અખંડિત રીતે તેમાં વહયા કરે છે, અને તેને જ તે યુગમાં લોકજીવનને ભર્યું ભર્યું બનાવ્યું હતું, શાતા આપી હતી, જીવનનું બળ પૂરું પાડયું હતું.

આ બધાંજ કાવ્યોમાં એક જ રસ છે, અને તે વ્રજરસ ભક્તિરસ. આ દ્રષ્ટિએ આ સાહિત્યમાં રસનો પૂર્ણ પરિપાક થયો છે. જો શાસ્ત્રીય શબ્દાવલીમાં આ રસની સંજ્ઞા આપવી હોય તો વાત્સલ્ય, શાંત તથા શૃંગારરસ કહી શકાય. ભલે આ રસોમાં વિભાવ, અનુભાવ તથા સંચારી ભાવોનો પૃથક્ પૃથક્ રુપમાં વિન્યાસ ન થયો હોય, પણ એનાથી રસવર્ણનમાં કોઈ અંતર નથી પડતું.

ઘણા કવિઓના કાવ્યોમાં સંસાર, માયા, ભ્રમ, અજ્ઞાન-અંધકારની વગોવણી થઈ છે.

એવી કૃતિઓમાં શાંતરસની અભિવ્યક્તિ થઈ છે. મોટે ભાગે બ્રહ્મર્ષિ કૃષ્ણભક્ત કવિઓ સંસારનો ત્યાગ કરી, ઓછામાં ઓછો માનસિક સંન્યાસનો સંકલ્પ લઈને પોતાની સાધનામાં પ્રવૃત્ત થયા હતા. સામૂહિક રુપમાં કૃષ્ણભક્તિ સાહિત્યમાં નિર્વેદની ભાવનાને કોઈ પ્રત્યક્ષ મહત્ત્વ આપવામાં નથી આવ્યું. ભક્તિમાં દીનતાની ભાવના હોવી આવશ્યક મનાય છે. નરસિંહ અને મીરાંના કેટલાંક પદોમાં એની ઉચ્ચ ભાવના ઉપલબ્ધ થઈ છે. પરંતુ સમગ્ર દષ્ટિએ જોતાં અતુલ સૌંદર્યરાશિ, આનંદના પરમધામ એવા કૃષ્ણના રુપ સાથે એ સંગત નથી લાગતું. બીજું, પ્રેમમાં જે આત્મીયતા છે, તે દૈન્યમાં નથી. કદાચ આ કારણેજ વલ્લભ, ચૈતન્ય, હિતહરિવંશ, અને હરિદાસ વગેરે એ દૈન્યને કૃષ્ણભક્તિને અનુકૂળ નથી માન્યું. કૃષ્ણભક્તિ સાહિત્યમાં દૈન્ય સ્થાયીભાવની અપેક્ષાએ સંચારી રુપમાં અધિક આવ્યું છે.

આપણે ત્યાં જે સાહિત્ય પુષ્ટિમાર્ગની પ્રેરણાથી રચાયું છે, એના પર વ્રજની વિચારધારાનો પ્રભાવ અવશ્ય પડયો છે. કારણ એ સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર વ્રજ હતું. એજ રીતે ભાલણ, નરસિંહ, કેશવરામ, લક્ષ્મીદાસ વગેરેની રચનાઓમાં જે વ્રજભાષાનો પ્રયોગ મળે છે, તેને પણ નિશ્ચિત વ્રજનો જ પ્રભાવ કહી શકાય. જો કે એમાં કેટલાક સૂરદાસ, મીરાંના તો કેટલાક પ્રક્ષિપ્ત પણ હશે. પરંતુ વ્રજભાષાની રચનાઓને પ્રક્ષિપ્ત કરવાની પ્રવૃત્તિ પણ વ્રજના પ્રભાવને જ સિધ્ધ કરે છે. વૃંદાવન કૃષ્ણ ભક્તિનું મુખ્ય કેન્દ્ર હોવાને કારણે તેના પ્રભાવનો પ્રવાહ મથુરાથી દ્વારકા તરફ વહયો છે. આ વાતને શ્રી: ક: મા. મુનશીનું વિધાન સમર્થે છે: ' બાર તેરને ચૌદમાં સૈકામાં રજપૂતાના અને ગુજરાતની ભાષામાં ઝાઝો ફેર ન હોતો અને મથુરાને વૃંદાવનની કીર્તિનાં પદો એ ભાષામાં થતાં જ હશે એમ સ્પષ્ટ લાગે છે. એટલું જ નહિ, પણ દ્વારકા શ્રીકૃષ્ણનું ધામ હોઈ, કૃષ્ણકીર્તનનો પ્રવાહ ગુજરાતમાં વહયો આવતો હોવો જોઈએ.[૧૩]

રામાયણ, મહાભારત, કે ભાગવત-એ માત્ર ઈતિહાસ કે પુરાણોના ગ્રંથો નથી. પણ પ્રત્યેક યુગનાં સનાતન મહાકાવ્યો છે. તે કયારેય મ્લાન થયાં નથી. આજે પણ એ

પુરાણોની પ્રેરણા એટલી જ જીવંત છે. એમાં માત્ર પુરાણના યુગની જ વાત નથી. માનવમાત્ર ગમે તે યુગમાં કેવો હોઈ શકે એનું સનાતન દર્શન છે. એ તે કાળે જેટલો સાચો હતો, તેટલો જ મધ્યકાળમાં ને આજના યુગમાં પણ સાચો છે. માનવીની એ સનાતન કથા છે. જો કે યુગે યુગે એના સંદર્ભો બદલાય છે, નવા અર્થઘટનો થાય છે, પુરાણની વસ્તુને નવી રીતે વિચારાય છે. એ વિષયો કયારે વાસી થતાં નથી. તેથી આજે પણ કાંતના 'વસંતવિજય'માં કે શ્રી ઉમાશંકર જોષીના 'પ્રાચીના' કે 'મહાપ્રસ્થાન'માં પુરાણમાંથી પ્રસંગો લઈ ખંડકાવ્ય કે પદ્યનાટકો લખાય છે. તેમાં પુરાણના પાત્રને આજના યુગમાં, આજના સંદર્ભમાં મૂર્ત કરી અપાય છે. આમ કોઈ પણ યુગમાં, કોઈ પણ કવિ પુરાણપાત્રોને નવી રીતે સજીં, સંસ્કારી પોતાના યુગ સાથે, પોતાના સમાજ સાથે એનું અનુસંધાન સાધી આપે છે. ખરેખર તો આજ તેના કવિકર્મનો વિશેષ છે.

આ સંદર્ભમાં વિચારતાં, પ્રેમાનંદે પુરાણના પાત્રોનું પોતાના યુગ સાથે, પોતાના સમાજ સાથે અનુસંધાન જ સાધી આપ્યું છે. પોતાના સમાજને અનુકૂળ નવું વ્યકિતત્વ અર્પ્યું છે, એમ કહી શકાય, ભલે વિષયવસ્તુ જૂનું હોય. તો પછી ગુજરાતીકરણ કે પાત્રોનો ગૌરવભંગ એ એનો દોષ નથી રહેતો કારણ એમ કહી શકાય કે એણે તત્કાલીન યુગમાં પુરાણોનો એ રીતે નવો અર્થ ઘટાવી આપ્યો.

આજના કેટલાક અર્વાચીન કવિઓમાં મધ્યકાલીન કવિઓનું અનુસંધાન જોવા મળે છે, છતાં ઊર્મિની જે ગહનતા અને જીવનતત્વની પકડ મધ્યકાળના કવિઓમાં દેખાય છે તે અર્વાચીનોમાં જણાતી નથી. આ સંદર્ભમાં શ્રી સુંદરમ્‌નું કવિ નાનાલાલ સંબંધી એક વિધાન જોઈએ: 'નાનાલાલનું કાવ્ય ગુજરાતના પોતાના પ્રકૃતિસિધ્ધ કવિઓ નરસિંહ, પ્રેમાનંદ, અખો કે દયારામની નિવ્યાજ શુધ્ધિ રસપર્યવસાયી અને તત્વગામી ગીતરચનાઓ ઊર્મિકાવ્યો, વર્ણનાત્મક કાવ્યો કે તત્વકાવ્યોની કોટિનું સર્વત્ર વિશુધ્ધ ગુણવાળું બની શકતું નથી.[૧૪]

મધ્યકાલીન કવિઓના કાવ્યો દ્વારા જ ગુજરાતી ભાષાનું કાઠું બંધાયું, ખેડાયું, ભાષા પલોટાઈ, એનું વૈવિધ્ય વિકસ્યું. એનો સીધો પડઘો આજના કવિઓમાં પણ પડયો છે. પ્રેમાનંદે સિધ્ધ કરેલા માધુર્ય અને પ્રસાદના ગુણો આજના કવિઓમાં પણ જોવા મળે છે.

ભાલણ, પ્રેમાનંદ જેવા કવિઓ કયારેય મ્લાન થઈ શકે નહિ, તેવા કવિઓ છે. એમણે અભિવ્યકિત માટે ખપમાં લીધેલાં આખ્યાન જેવાં સ્વરુપો ભલે આજે ~~સમય બહારના~~ સર્જકને કામનાં ન ગણાય. પરંતુ કવિતા સ્વરુપ જેવા ~~ચિરનબધ્ધ~~ શિસ્તના માળખાનો સ્વીકાર કરી, એમાં વ્યકત થયેલા સંવેદનના સાચૂકલાપણાને કારણે એ કવિતા હજુ આજે પણ તાજપયુકત રહી શકી છે. આ સંવેદનનું સાચૂકલાપણું ભકતો સાથેના સજીવ સંબંધમાંથી જ નીપજી આવ્યું છે. માનવ હૃદયના સરળ અને અટપટા, અવનવીન, અનેકવિધ સંવેદનો, ભાષાના પ્રાસથી માંડી અલંકાર સુધીની અનેકવિધ ભંગિઓ આ કવિઓમાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે, અને આધુનિક કવિતાથી સંતોષાતી આપણી ચિત્તવૃત્તિને તે આજે પણ સંતોષી શકે છે. એમાં જ આ કવિઓનો, તેમની કવિતાનો વિજય રહેલો છે.